ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

No. આર/ 51478 /2018

Date: 25.09.2018

પ્રતિ

પ્રિન્સીપાલ શ્રી / ટેબલેટ યોજના નોડલ ઓફિસરશ્રી,

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો

વિષય: ટેબલેટ વિતરણ કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓના ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા બાબત

સંદર્ભ: (1) ગુજરાત યુનિ. પરિપત્ર: આર / 51373 / 2018 તા. 17/09/2018,

(2) સંયુક્ત નિયામકશ્રી, શિક્ષણ વિભાગનો પરિપત્ર ડીટીઈ/ટેબલેટ/પરિપત્ર/2018-19/13704 તા. 05/09/2018

શ્રીમાન,

કુશળ હશો,

માન. ગુજરાત સરકાર શ્રી દ્વારા જાહેર કરેલ ટેબલેટ યોજના અંતર્ગત વર્ષ 2018-19 માટે ટેબલેટ વિતરણની કામગીરી માટે ઉપરોક્ત સંદર્ભ ક્રમાંક (1) અનુસાર આપની કોલેજમાથી એક ટીચિંગ સ્ટાફ અને એક નોન-ટીચિંગ સ્ટાફ એમ કૂલ 2 નોડલ ઓફિસરની નિમણૂક કરી આપેલ ફોર્મેટ માં માહિતી ઈ-મેઈલ દ્વારા tablet@gujaratuniversity.ac.in પર તા. 18.09.2018 સુધી મળી જાય તે રીતે મોકલી આપવાની હતી. જો આ માહિતી મોકલવાની બાકી હોય તો ત્વરિત મોકલી આપવા વિનંતી.

ટેબલેટ યોજના અંતર્ગત આ વર્ષે પ્રથમ વર્ષ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ લીધેલ હોય તેવા વિદ્યાર્થીઓને રૂ. 1000/- (રૂપિયા એક હજાર પૂરા)ની ફી લઈને ટેબલેટ આપવાની કામગીરી શરૂ થયેલ છે. જે અંતર્ગત દરેક કોલેજે ટેબલેટ લેવા માટે ઇચ્છુક વિદ્યાર્થીઓની વિગતો ઓનલાઇન https://www.digitalgujarat.gov.in પોર્ટલ પર કોલેજના લોગિન દ્વારા <u>તા. 06.10.2018 શનિવાર</u> સુધીમાં ભરવાની રહેશે. આ અંગે આપશ્રી દ્વારા અંગત રસ લઈ ત્વરિત કાર્યવાહી કરવી યોગ્ય રહેશે.

કોલેજ ખાતે જમા લીધેલ તમામ વિદ્યાર્થીઓની ફી યુનિવર્સિટી ખાતે હવે પછીની સૂચના મુજબ જમા કરવાની રહેશે.

આપનો વિશ્વાસુ

કા. કુલસચિવ